ગાંધીનગર સમાચાર



# આરોગ્ય મંત્રીએ સિવિલના સત્તાવાહકોને ઝાટક્યા

## સિવિલની ઓચિંતી મુલાકાતે શંકરભાઈ ચૌધરી : દર્દી અને તબીબો, તબીબોના આંતરિક કોમ્યુનિકેશન ગેપને લઈ મંત્રીએ સખ્ત નારાજગી કમિશનર સમક્ષ વ્યક્ત કરી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આગામી દિવસોમાં અદ્યતન પેથોલોજી લેબોરેટરીની



સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમ રાજ્ય મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીએ આજે હોસ્પિટલની મુલાકાત બાદ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું. તેમણે સરકાર આરોગ્ય સેવાઓ ગુણવત્તાસભર આપવા કટિબદ્ધ હોવાનું જણાવ્યું હતું.

શંકરભાઈ ચૌધરીએ મુલાકાત બાદ તમે સંતુષ્ટ થયા તેવા સીધા સવાલના જવાબમાં તેમણે કહ્યું કે હોસ્પિટલનું નવુ સંકુલ છે અને સંતોષ થાય એ શક્ય નથી પરંતુ સારૂ છે અને વધુ સારૂ કરવાની કલ્પના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલની છે અને તેથી અમે પણ વધુ સારી સેવાઓ માટે કટિબદ્ધ બન્યા છીએ.

● અનુસંધાન પાન-૭ પર

## પી.આઈ.યુ.ની સેવાના ધાંધિયાનો રાજ્યમંત્રીને અનુભવ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નવા સંકુલ નિર્માણની કામગીરી સંભાળનાર પી.આઈ.યુ.ના ધાધિયાનો ભોગ આજે રાજ્યમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી જ બન્યા હતા. તેઓ જ લિફ્ટમાં ફસાઈ ગયા હતા.

### રાજ્ય આરોગ્ય મંત્રી જ લિફ્ટમાં ફસાયા : પત્રકારો પણ લિફ્ટમાં ફસાયા પછી ૮મા માળે સીડી ચડી મંત્રી પહોંચ્યા : પાણી ન આવતુ હોવાની ફરિયાદથી મંત્રી ચોંકી ઉઠ્યા : સિવિલમાં દોડધામ મચી

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની આજે સાંજે ૬ વાગ્યે એકાએક મુલાકાતે પહોંચેલા રાજ્ય આરોગ્યમંત્રીની સિફ્ટ જ ખોટકાઈ ગઈ તો પત્રકારોને લઈ જતી લિફ્ટ ફસાઈ જવા પામી હતી. આ પછી તો રાજ્યમંત્રી ૮મા મજલે દાદરો ચડીને ગયા અને મેલેરિયા-ડેન્ગ્યુના દર્દીઓને રૂબરૂ મળી તેમની તબિયત અંગે પૃચ્છા કરી હતી.

દર્દીઓ સાથેની મુલાકાત દરમ્યાન નવા સંકુલમાં પાણી નહિ આવતુ હોવાની ફરિયાદ સાંભળી તેઓ ચોંકી ઉઠ્યા હતા એટલુ જ નહિ ટોઈલેટમાં પણ પાણી નહિ હોવાનું જોઈ તો તેઓ ચોંકી ઉઠ્યા હતા અને તાબડતોબ પી.આઈ.યુ.ના અધિકારીઓને સિવિલમાં તેડાવ્યા હતા.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નવા સંકુલની સુવિધાઓને લઈ ગંભીર રજુઆતો દર્દીઓએ કરતાં રાજ્યમંત્રી ચોંકી ઉઠ્યા હતા. તેમણે સિવિલ હોસ્પિટલના નવા સંકુલના ધાંધિયાઓ ક્ષણવારમાં જ પામી ગયા હતા અને તેથી તેમણે પી.આઈ.યુ. અને જી.એમ.ઈ.આર.એસ.ના અધિકારીઓ સાથે અલગથી બેઠક યોજી હતી. ગાંધીનગર સિવિલના નવા સંકુલમાં જ મચ્છરોના મોટા પાયે બ્રિડીંગ મળ્યા હતા તેનો પડઘો પણ આ બેઠકમાં ગુંજ્યો હતો તેમ માહિતગાર સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. ત્રણ દિવસ સુધી અહિ સઘન ફોગીંગ કરવું પડ્યું હતું જે ઉલ્લેખનીય છે.

# ગાંધીનગરમાં ગણેશ વિસર્જનનો પ્રારંભ : ભાવિકો ડી.જે.ના તાલે ઝુમ્યા

## સે- ૧૬ બ્રહ્મભવન, સે-૧૨ સે-૩ અને વાવોલ સહિતના વિસ્તારમાંથી શ્રીજીના મુર્તિનુ ભવ્ય વિસર્જન કરાયુ : બ્રહ્મભવનમાં યુવા પરિવાર દ્વારા કલાત્મક રંગોળીનુ નિર્માણ કરાયુ





(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં ગણેશોત્સવની ભવ્ય ઉજવણી અન્વયે સેકટરોમાં ભવ્ય શામિયાણાંમાં રોજબરોજ વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવે છે. જયારે મધ્યાંતરે પહોંચેલી ગણેશાત્સવની ઉજવણી દરમિયાન આજે પાંચમા દિવસે ગણેશ વિસર્જનની પણ શરૂઆત કરવામાં આવી હતી.સે-૧૬ બ્રહ્મભવના ખાતેથી પણ શ્રીજીની મુર્તિનુ વિસર્જન કરવામાં આવ્યુ હતુ. આ તબક્કે યુવા પરિવારના સભ્યો દ્વારા બ્રહ્મભવનમાં ભવ્ય રંગોળીનુ પણ નિર્માણ પણ કરવામાં આવ્યુ હતુ.વાવોલ તેમજ સે- ૩ ડી માં પણ ગણેશ વિસર્જન કરવામાં આવ્યુ હતુ.ગણેશ વિસર્જન પ્રસંગે ભાવિકો ડી જેના તાલે જુમી ઉઠયા હતા.જયારે ઈન્દ્રોડા પાસે નદી નજીક ભાવિકોએ બાપા મોરીયાના નાદ સાથે શ્રીજીની મુર્તિનુ વિધિવત વિસર્જન કર્યુ હતુ. સેકટરોમાં પણ ઘણાં ઠકાણે શ્રીજીની મુર્તિના વિસર્જન પ્રંસંગે ભાવિકો વરસાદી વાતાવરણમાં ગરબે ઘુમ્યા હતા.



શહેરમાં ગણેશોત્સવની ઉજવણીનો રંગ જામ્યો છે. ત્યારે કેટલાક ઠેકાણે પાંચ દિવસના આયોજનના અંતે આજે શ્રીજીની મુર્તિનુ વિસર્જના કરવામાં આવ્યુ હતુ. જેમાં સે-૧૬ બ્રહ્મભવન ખાતેથી ભગવાના ગણેશજીની ભવ્ય મુર્તિનુ વિસર્જના દરમિયાન યુવા પરિવારના સભ્યોએ ભવ્ય રંગોળીનુ નિર્માણ કર્યુ હતુ. વિસર્જનના પ્રંસંગે ભાવિકો નાસિક ઢોલના તાલે જુમ્યા હતા.યુવા પરિવારના પ્રમુખ જીગર ત્રિવેદી, ઉપપ્રમુખ વિપુલ જોષી, જયશ્રીબેન ખેતિયા તેમજ સમાજના અન્ય અગ્રણીઓએ હાજરી આપી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં રોગચાળાને ડામવા પાણીમાં કલોરીનેશનનુ પ્રમાણ ૩ પી.પી.એમ.કરાયુ

## સેકટરોમાં પાણીના ભરાવા અને ગંદકી વચ્ચે મચ્છર ઉત્પતિ સ્થાનો અસ્તિત્વમાં આવ્યા

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગર શહેરમાં વરસાદી મૌસમ નિખરતા મચ્છરજન્ય રોગચાળાએ માથુ ઉંચકયુ છે. જયારે બદલાતા મોસમના મિજાજ વચ્ચે પાણીજન્ય રોગચાળો પણ માંથુ ન ઉંચકે તે માટે કલોરીનેશનનુ પ્રમાણ પણ વધારી દેવામાં આવ્યુ છે. શહેરમાં વરસાદી માહોલ વચ્ચે મચ્છર ઉત્પતિ સ્થાનોને ડામવા નક્કર કામગીરી હાથ ધરવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

બે મહીનાના અંતે મોસમનો મિજાજ બદલાતા શહેરના સેકટરોમાં વરસાદી પાણીના ખાબોચિયા ઉભરાયેલા જોવા મળે છે. જયારે બીજીતરફ વરસાદી ઋતુમાં રોગચાળાએ પણ જોર પકડયુ હોવાથી ડેન્ગયુ અને મેલેરિયા સહિતના રોગચાળાનો ખતરો દિનપ્રતિદિન વધુ પ્રબળ બની રહયો છે. ત્યારે ચોમાસા દરમિયાન વરસાદી પાણીના ભરાવાથી સેકટરોમાં ઠેર ઠેર મચ્છરઉત્પતિ સ્થાનો અસ્તિત્વમાં આવ્યા હોવાનુ

● અનુસંધાન પાન-૭ પર

# ગુડાની વિકાસ યોજના ૨૦૨૪ને મંજુરી આપવા બિલ્ડરોની મુખ્યમંત્રીને રજુઆત

ગાંધીનગર તા ૨૧

ગુડા દ્વારા તૈયાર કરાયેલા વિકાસના માસ્ટર પ્લાન તેમજ જી ડી સી આરને છેલ્લા દોઢ વર્ષથી મંજુરી ન અપાતા ગાંધીનગર બિલ્ડર એસોસિએશન દ્વારા મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવી છે.ગુડા વિસ્તારમાં નવો જી ડી સી આરને મંજુરી ન અપાતા બિલ્ડરોના કરોડોના પ્રાજેકટ અમલમાં મુકી શકાતા ન હોવાનો આક્રોશ પણ બિલ્ડર લોબીમાં પ્રબળ બન્યો છે.

### દોઢ વર્ષથી અટવાયેલા જી.ડી.સી.આર.ને લીધે મંદીમાં બિલ્ડરોની હાલત કફોડી

ગુડાનો નવો વિકાસ પ્લાન અને જી ડી સી આર છેલ્લા ૧૮ મહીનાથી સરકારમાં મંજુરી અર્થેપેન્ડીંગ છ. ગુડા દ્વારા વિકાસ પ્લાન - ૨૦૨૪ તેમજ જી ડીસી આર વાંધા અરજીઓ સાથે અભિપ્રાય અર્થેસરકારમાં મોકલવામાં આવ્યો હતો. પરંતુ છેલ્લા દોઢ વર્ષના અંતે પણ ગુજરાત ચીફ ટાઉન પ્લાનીંગની કચેરી કક્ષાએથી કોઈ નિર્ણય ન લેવાતા વિકાસની આ નવતર યોજનાને મંજુરી આપી શકાઈ નથી.ગાંધીનગર બિલ્ડર એસોસિએશનના પ્રમુખ પ્રમુખભાઈ પટેલે આ અંગે રજુઆતમાં જણાંવ્યા મુજબ વિકાસ યોજના તેમજ જી ડી સી આરને મંજુરી ન અપાતા બિલ્ડરો તેમની કરોડોની નવી યોજનાઓ અમલમાં મુકી શકતા નથી. શહેરમાં પ્લાટોની હરાજીના અંતે પણ બાંધકામના નિયમો અમલમાં મુકી શકાયા નથી. જેના પરિણામે મંદીના માહોલમાં બિલ્ડરોએ આર્થિક તેમજ સામાજીક મુશ્કેલીઓ વેઠવાનો વારો આવ્યો છે.

ટાઉન પ્લાનીંગ સ્કીમને સરકાર દ્વારા ૧૮ માસમાં પુર્ણ કરવનો વાયદો અપાયો હોવા છતા ખુબજ મંદ ગતિએ કામ ચાલી રહયુ છે. જેના લીધે વિકાસ કામમાં પણ અવરોધો ઉભા થયા છે.ડ્રાફ્ટ ટી પી સ્કીમમાં ટાઉન પ્લાનીંગ ઓફિસરો પણ મંદ ગતિએ કામ કરી રહયા છે. ગુડા વિસ્તારમાં પાણી ગટર તેમંજ રસ્તાના કામો પણ અટવાયા છે. આ સઘળી સ્થિતિને ધ્યાને રાખી ગુડાના નવા વિકાસ પ્લાન ૨૦૨૪ તેમજ જી ડી સી આરને ત્વરિત મંજુરી આપવામાં આવે તેવી પ્રબળ માંગ બિલ્ડર લોબીએ મુખ્યમંત્રીને રજુઆત કરી છે.

# ગાંધીનગર ડિવિઝનમાં વન વિભાગના ૨૦૦ મજુરોને છેલ્લા ત્રણ મહીનાથી પગાર મળ્યો નથી

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગર ડિવિઝનમાં કામ કરતા મજુરોને છેલ્લા ત્રણ મહીનાથી પગાર મળ્યો ન હોવાનો આક્રોશ પ્રવર્તયો છે. ગત જુલાઈ મહીનામાં તોફાની વરસાદ દરમિયાન જમીનદોસ્ત થયેલા વૃક્ષોને દુર કરવાનુ કામ બે મહીનાના અંતે પણ વનતંત્ર દ્વારા પુરુ થઈ શકયુ નથી ત્યારે કામગીરીમાં ઝડપ લાવવા માટે તંત્રને મજુરો મળતા ન હોવાનુ પણ વિભાગ કક્ષાએથી અગાઉ જણાંવાયુ હતુ. પરંતુ ૨૦૦ જેટલા મજુરોને પગાર ન ચુકવાયો હોવાથી કામગીરીને વિપરિત અસર થઈ હોવાનુ પણ મનાઈ રહયુ છે.

વન વિભાગમાં ગાંધીનગર ડિવિઝનનો વહીવટ ખાડે ગયો હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. વન વિભાગની કામગીરીને અનુલક્ષી હરિયાળા ગ્રીન સીટીમાં જ દિવા તળે અંધારુ હોવાનુ સ્પષ્ટ થતા પ્રકૃતિ શિક્ષણ શિબિર સહિત આમ નાગરિકોને વૃક્ષોના રોપાઓના વાવેતર કરવા પ્રોત્સાહન પુરુ પાડવામાં પણ તંત્ર નિષ્ફળ નિવડયુ છે. જયારે વૃક્ષોની જાળવણી તેમજ ટ્રીમીંગની કામગીરી માટે પણ સમયાંતરે કામ હાથ ન ધરાતા નાગરિકોએ હેરાનગતિ વેઠવી પડતી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે.ગત જુલાઈ મહિનામાં તોફાની વરસાદ આવ્યા બાદ શહેરમાં સેંકડો વૃક્ષો ધરાશાયી થઈ જતા મોટાભાગના રસ્તાઓ બંધ થઈ ગયા હતા. ત્યારે વન વિભાગ કક્ષાએથી સમયસર આ વૃક્ષો દુર ન કરાતા આમ નાગરિકોમાં આક્રોશ પ્રવર્તયો હતો. જયારે આજે બે મહીનાના અંતે પણ કેટલાક ઠેકાણે વૃક્ષો યથાવત સ્થિતિમાં જોવા મળી રહયા છે. આ દરમિયાન વિભાગ કક્ષાએથી મજુરો ન મળતા હોવાનુ પણ જણાંવાયુ હતુ.

### મજુરો મળતા ન હોવાની બુમો વચ્ચે કામ કરતા મજુરોને પણ કાવડીયા ચુકવાતા નથી

વન વિભાગની નિષ્ક્રીયતા તેમજ નિષ્કાળજીના લીધે આમ નાગરિકોને હાલાકી વેઠવી પડે છે. જયારે વિભાગમાં મજુરી કામ કરીને પેટીયુ રળતા મજુરોને છેલ્લા ત્રણ મહીનાથી પગાર પણ ચુકવાયો ન હોવાનો આક્રોશ સેવાઈ રહયો છે.જિલ્લા વન તંત્રની કચેરી પણ જાણે આ વાતની પરવા ન કરતી હોવાની લાગણી પ્રબળ બની છે. મજુરોનો પગાર અટવાતા દયાજનક સ્થિતિમાં મુકાઈ ગયા છે.


**ટચુકડી જાહેર ખબર**

માત્ર રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧,

ફેક્સ : ૨૩૨૩૦૫૭૧


## બેસણું



પરમ પૂજ્ય પિતાશ્રી **અહેમદખાન નુરમહંમદખાન (રિટાયર્ડ ડેપ્યુટી કલેક્ટર)** તા. ૧૯/૯/૨૦૧૫ના રોજ જન્નતનશીન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨૨/૯/૨૦૧૫ના રોજ સાંજે ૫-૦૦ થી ૭-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ૧૨૧/૩, સેક્ટર-૨૧, ગાંધીનગર. મો. : ૯૪૨૮૫ ૯૫૮૨૨, ૯૮૨૫૦ ૫૭૬૯૦

**સમસ્ત નાગોરી પરિવાર**


Since 1986

अभय

ISO 9001:2008

• Corporate Gathering • Celebrations • Exhibitions • Marriage • Reception • Parties • Seminars

Y.A. Mansuri
M. : 9824049503
Sanjay S. Shah
P. Manubhai Medical

ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS

CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194
B/h. Videocon Factory,
Electronics Estate, GIDC,
Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292

REGD. OFFICE : B-203, Aman Flats,
Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur,
Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com
www.abhaydecorators.com



ગુજરાત સરકાર

રજીસ્ટ્રેશન માટેની
વધુ એક તક
ગુજરાત સ્કૂલ એન્ડ કોલેજ
સ્પોર્ટ્સ લીગ
૨૫ સપ્ટેમ્બર સુધી

Online Registration અને વધુ માહિતી માટે
તેમજ Partnership / Sponsorship / Donation માટે
www.khelgujarat.org

રમત ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ
ગુજરાત સરકાર



ADITYA BIRLA GROUP

લીકેજ-મુક્ત
ઘરો માટે

UltraTech
SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ
કંપનીના અધિકૃત
વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યુબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે



SANGHI CEMENT
KisaN
ashirvad
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com